રોજગારી માટે છેક રશિયા ગયેલો સુરતનો રત્નકલાકાર 4 માસથી ગુમ

રશિયન સેનામાં ‘ફૂડ સપ્લાય’ના નામે જોડાયેલા રમણિક સખવાળા 4 મહિના સંપર્કવિહોણાં થતાં પરિવારમાં આક્રંદ

છેલ્લે 24 જૂને પત્નીને ફોન કરી કહ્યું હતું, ‘બોર્ડર પર જાવ છું, નેટવર્ક નહીં મળે’;

શ્રીલંકન ટ્રેનરે હાથ ઊંચા કરી દીધા, દિલ્હીથી મોસ્કો સુધી રજૂઆતો છતાં કોઈ પત્તો નહીં

સુરતઃ હીરા ઉદ્યોગમાં ચાલી રહેલી મંદીના કારણે રોજગારીની શોધમાં રશિયા ગયેલા સુરતના 39 વર્ષીય પાટીદાર યુવક



રમણિકભાઈ સખવાળા છેલ્લા ચાર મહિનાથી રહસ્યમય રીતે લાપતા બનતા પરિવારજનો ઘેરી ચિંતા અને આઘાતમાં સરી પડ્યા છે. રશિયન સૈન્યમાં સપોર્ટ સ્ટાફ તરીકે જોડાયા બાદ ગત 24 જૂને તેમણે પત્નીને છેલ્લો ફોન કર્યો હતો. ત્યારબાદ આજ દિન સુધી તેમનો કોઈ જ સંપર્ક થઈ શક્યો નથી. રશિયા-યુક્રેન યુદ્ધમાં અગાઉ પણ ભારતીય યુવાનોને સપોર્ટ સ્ટાફ કે હેલ્પરના નામે છેતરીને યુદ્ધના મોરચે મોકલી દેવાયા હોવાના કિસ્સા સામે આવી ચૂક્યા છે. રમણિકભાઈના કિસ્સામાં પણ આવી જ આશંકા સેવાઈ રહી છે. પરિવાર પાસે સેનાની ભરતીના પોસ્ટરો અને પાસપોર્ટની વિગતો ઉપલબ્ધ છે, જેના આધારે કેન્દ્ર સરકાર અને વિદેશ મંત્રી એસ. જયશંકર આ મામલે રશિયન સત્તાધીશો સમક્ષ ઉચ્ચ સ્તરે રજૂઆત કરી રમણિકભાઈને હેમખેમ પરત લાવે તેવી કરુણ આજીજી પરિવાર કરી રહ્યો છે.

મંદીમાંથી ઉગરવા રશિયા ગયા

મૂળ અમરેલીના અને છેલ્લા 35 વર્ષથી સુરતના કતારગામ વિસ્તારમાં સ્થાયી થયેલા સખવાળા પરિવારના રમણિકભાઈ વ્યવસાયે રત્નકલાકાર હતા. રત્નકલાકારો માટે સર્જાયેલી આર્થિક મંદી અને અનિશ્ચિતતાના કારણે તેઓ રોજગારીની નવી તકો શોધવા વિઝિટર વિઝા પર રશિયા ગયા હતા. ત્યાં રોજિંદો ખર્ચ કાઢવા માટે તેમણે છૂટક કામ શરૂ કર્યું હતું. શરૂઆતમાં તેઓ એપ્રિલ મહિનામાં વતન પરત ફરવાના વિચારમાં હતા, પરંતુ યોગ્ય આવક ન થતાં અને આર્થિક તંગીના લીધે રોકાણ લંબાવ્યું હતું. આ દરમિયાન તેમની સામે રશિયન સૈન્યમાં સપોર્ટ સ્ટાફ તરીકે જોડાવાની એક જોબ ઓફર આવી હતી, જેના પગલે જૂન મહિનામાં તેઓ આર્મીમાં જોડાયા હતા.

‘યુદ્ધ નહીં, માત્ર ફૂડ સપ્લાયનું કામ છે’ કહીને ભરતી કરાયા

રમણિકભાઈના ગુમ થવા અંગે તેમના પત્ની શીતલબેન (રીનાબેન) જણાવે છે કે, ગત 24 જૂને રમણિકભાઈનો છેલ્લો ફોન આવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, “આજથી અમારી ટ્રેનિંગ શરૂ થાય છે એટલે થોડા દિવસ નેટવર્કનો પ્રશ્ન રહેશે. બોર્ડર પર જાવ છું, નેટવર્ક મળશે એટલે તરત સામેથી ફોન કરીશ.” પત્નીએ જ્યારે યુદ્ધમાં જવાની આશંકા વ્યક્ત કરી ત્યારે રમણિકભાઈએ સ્પષ્ટતા કરી હતી કે લડવાનું નથી, માત્ર સેના માટે ફૂડ ટ્રાન્સફર (ખોરાક સપ્લાય) અને લોજિસ્ટિક્સનું કામ કરવાનું છે. જોકે, તેમણે આત્મરક્ષા માટે ગન ચલાવવાની તાલીમ અપાઈ હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો અને પોતાના બેન્ક કાર્ડ તેમજ કેમ્પના શ્રીલંકન ટ્રેનર અર્જુનનો નંબર પરિવારને સોંપ્યો હતો.

શ્રીલંકન ટ્રેનરે હાથ ખંખેરી લીધા

શરૂઆતના દોઢ-બે મહિના સુધી ટ્રેનર અર્જુને પરિવાર સાથે વાત કરીને સામાન્ય વાતો જણાવી હતી. પરંતુ ત્યારબાદ તેણે ઉડાઉ જવાબો આપવાનું શરૂ કર્યું અને ‘મારું ટ્રાન્સફર થઈ ગયું છે, હવે હું ત્યાં નથી’ કહીને હાથ ઊંચા કરી દીધા હતા. ત્યારથી રમણિકભાઈનો ફોન સ્વિચ ઓફ આવે છે.

ભાઈ મહેશભાઈની વ્યથા: દિલ્હીથી મોસ્કો સુધી અરજીઓ, માત્ર તપાસના જવાબો

રમણિકભાઈના ભાઈ મહેશભાઈ સખવાળાએ જણાવ્યું હતું કે, તેમનો ભાઈ દોઢ વર્ષથી રશિયામાં હતો અને જૂન મહિનામાં મિલિટરીમાં જોડાયો હતો. શરૂઆતના 20 દિવસ સંપર્ક રહ્યો, પરંતુ છેલ્લા 4 મહિનાથી કોઈ જ અત્તોપત્તો નથી. પરિવારે ભારતમાં આવેલી રશિયન એમ્બેસી, મોસ્કો સ્થિત ઈન્ડિયન એમ્બેસી, પીએમઓ (PMO), વિદેશ મંત્રાલય તેમજ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સુધી રજૂઆતો કરી છે. જોકે, હજુ સુધી સત્તાવાર રીતે માત્ર ‘તપાસ ચાલી રહી છે’ તેવા જ ઔપચારિક જવાબો મળી રહ્યા છે.

પત્ની સિલાઈકામ કરવા મજબૂર

રમણિકભાઈના વૃદ્ધ પિતા કાળુભાઈ ખેતી કામ કરે છે, જેમને શરૂઆતમાં પુત્ર ગુમ હોવાની જાણ પણ કરવામાં આવી નહોતી. બીજી તરફ, ઘરનું ગુજરાન ચલાવવા અને 16 વર્ષના પુત્ર હેમિલના અભ્યાસનો ખર્ચ કાઢવા માટે પત્ની શીતલબેને સિલાઈ કામ શરૂ કરવું પડ્યું છે.

મનપાના કર્મીઓને બોનસ, ફેસ્ટિવલ એલાઉન્સના રૂ. 26 કરોડ ચૂકવાયા

11,633 કર્મચારીને 17.84 કરોડનું એડ્વાન્સ અને 12,500 કર્મચારીને 8 કરોડનું બોનસ ચૂકવાતા બજારમાં તેજી આવશે

સુરતઃ શહેરના સર્વાંગી વિકાસમાં અવિરત સેવા આપી રહેલા મહાનગરપાલિકાના કર્મચારીઓ માટે આગામી 8 નવેમ્બરના રોજ આવતા દિવાળીના તહેવાર પૂર્વે આનંદના સમાચાર આવ્યા છે. સુરત મનપા દ્વારા કર્મચારીઓને દિવાળીની ખરીદી અને ઉત્સવના ખર્ચમાં મદદરૂપ થવાના હેતુથી તહેવાર પહેલાં 4 નવેમ્બરના રોજ જ ફેસ્ટીવલ એડવાન્સ અને બોનસની ચૂકવણી કરવાનો નિર્ણય લેવાયો છે. મનપા દ્વારા ફેસ્ટિવલ એડવાન્સ તરીકે કુલ 11,633 વર્ગ 3 અને 4ના કર્મચારીઓને 17.84 કરોડની રકમ આપવામાં આવશે, જ્યારે ખાસ કરીને વર્ગ-4ના કુલ 12,500 કર્મચારીને કુલ 8 કરોડનું માતબર બોનસ ચૂકવવામાં આવશે. એટલે કે, મનપા દ્વારા કુલ રૂ.25.84 કરોડની ચૂકવણી કરાશે. મનપા દ્વારા કર્મચારીઓના ખાતામાં કરોડો રૂપિયાનું ભંડોળ સીધું છૂટું કરાતાં ગરીબ અને મધ્યમ વર્ગીય કર્મચારી પરિવારોની દિવાળી સુધરી જશે.

તહેવારોની મોસમ નજીક આવતા જ ઘર-પરિવારની જવાબદારીઓની સાથે ખર્ચનું પ્રમાણ વધતું હોય છે, જેની સીધી આર્થિક અસર મધ્યમ અને નીચલા વર્ગ પર પડે છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને સુરત મનપા દર વર્ષે દિવાળી ટાણે પોતાના કર્મચારીઓને સમયસર નાણાકીય ભેટ આપવાની પરંપરા જાળવી રાખે છે. જ્યારે પણ સુરત મહાનગરપાલિકા કે અન્ય સરકારી તંત્રો દ્વારા તહેવારો અગાઉ આવું નાણાકીય ભંડોળ ચૂકવવામાં આવે છે, ત્યારે તે સ્થાનિક અર્થતંત્ર માટે સંજીવની સમાન સાબિત થાય છે. કર્મચારીઓના હાથમાં નાણાં આવતાં જ તેઓ પરિવાર સાથે ખરીદી કરવા ઉમટી પડે છે, જેને કારણે સુરતના વ્યાપારમાં તેજી જોવા મળે છે.

મનપાએ અનામત પ્લોટને ભાડે આપ્યો તો પાકું રેસ્ટોરન્ટ શરૂ કરી દેવાયું

અનામત પ્લોટમાં કોઈ જ પ્રકારનું બાંધકામ થઈ શકે નહીં, મ્યુનિ. કમિ.ને રજૂઆત

સુરતઃ શહેરના પાલ વિસ્તારમાં સુરત મહાનગરપાલિકાની કરોડો રૂપિયાની કિંમતી જમીન અને રિઝર્વ પ્લોટ પર ગેરકાયદેસર કબ્જો કરીને પાકું બાંધકામ ખડકી દેવામાં આવ્યું હોવાનો ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

ટીપી સ્કીમ નંબર 16 (પાલ) ના ફાઈનલ પ્લોટ નંબર 103 ને પાલિકાની સ્થાયી સમિતિના ખાસ ઠરાવ દ્વારા ખુલ્લા પ્લોટ તરીકે રાખવા માટે ફાળવવામાં આવ્યો હતો. જોકે, પાલિકાના નીતિ-નિયમો અને ઠરાવને નેવે મૂકીને આ રિઝર્વ પ્લોટ પર પાકું બાંધકામ ઊભું કરી દેવાયું છે અને તેમાં ધમધમતું એસી રેસ્ટોરન્ટ ચલાવાઈ રહ્યું છે. પૂર્વ કોર્પોરેટરે મ્યુનિસિપલ કમિશનર અને પાલિકાના વિજિલન્સ વિભાગને



આધારભૂત ફોટોગ્રાફ્સ સાથે લેખિત રજૂઆત કરી નિષ્પક્ષ તપાસ અને જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ કરી છે.

આ લેખિત રજૂઆતમાં પાલિકા તંત્ર અને ખાસ કરીને પશ્ચિમ ઝોનના અધિકારીઓની શંકાસ્પદ કામગીરી સામે તીખા સવાલો ઉઠાવવામાં આવ્યા છે. પાલિકાના રિઝર્વ પ્લોટમાં કોઈપણ પ્રકારનું પાકું બાંધકામ ન થઈ શકે તેવી સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં આટલું મોટું બાંધકામ થઈ ગયું અને જવાબદાર અધિકારીઓની નજર કેમ ન પડી? વધુમાં, પાલિકાની સામાન્ય સભાના અગાઉના ઠરાવ મુજબ કોમર્શિયલ હેતુ માટે પ્લોટનો ઉપયોગ થાય તો પ્રતિ ચોરસ મીટર ચોક્કસ નાણાં વસૂલવાની નીતિ છે, તેમ છતાં આ ગેરકાયદે બાંધકામનો કોઈ વેરો પણ વસૂલવામાં આવતો નથી. આ રીતે સામાન્ય કરદાતાઓ સાથે ભારે અસમાન વ્યવહાર થતો હોવાનો આક્ષેપ કરાયો છે. સાથોસાથ, આ એસી રેસ્ટોરન્ટમાં ફાયર સેફ્ટીની યોગ્ય સુવિધા છે કે નહીં તેની તપાસ કરવાની માંગ સાથે ભવિષ્યમાં આગ કે કોઈ દુર્ઘટના સર્જાય તો તેની જવાબદારી કોની રહેશે તેવો પ્રશ્ન પણ ઉપસ્થિત કરાયો છે. પશ્ચિમ ઝોન વિસ્તારમાં મનપાના અન્ય રિઝર્વ પ્લોટો પર પણ આવાં પાકાં બાંધકામો અને ઝૂંપડાં ખડકાઈ ગયા હોવાની આશંકા વ્યક્ત કરીને તમામ પ્લોટોની ત્વરિત તપાસ કરવાની માંગણી કરાઈ છે.

બોગસ ફૂડ ઓફિસર બની રકમ ખંખેરનાર ભેજાબાજ ઝડપાયો

સુરતઃ ડુમસ રોડ પર આવેલા ‘ફ્લેમ્સ’ કેફેના સંચાલક અને પૂર્વ ધારાસભ્ય ઝંખનાબેન પટેલના ભાઈ કૃણાલ પટેલને નિશાન બનાવી સાઈબર ઠગોએ રૂ.29,090 પડાવી લીધા હતા. અંતે ધમકી મળતાં ભાંડો ફૂટ્યો અને ડુમસ પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. તપાસમાં સુરત ક્રાઈમ બ્રાન્ચને આણંદમાં સક્રિય ગેંગની કડી મળી હતી. પોલીસે આણંદની ‘ધ કેરેટર’ હોટલમાંથી કૂક તરીકે કામ કરતા યોગેશ ત્રિલોચંદ ભટ્ટ (ઉં.વ.30) (મૂળ-ઉત્તરાખંડ)ને ઝડપી પાડ્યો હતો. પૂછપરછમાં તેણે મુખ્ય સાગરીત નીરજ સાથે મળી હોટલ અને કેફે સંચાલકોને નિશાન બનાવ્યાની કબૂલાત કરી હતી. મુખ્ય સૂત્રધાર નીરજ ઈજાગ્રસ્ત હોવાથી હોસ્પિટલમાં પોલીસ જાપ્તા હેઠળ સારવાર લઈ રહ્યો છે.

વારંવાર આગ: ખજોદની જૂની એજન્સી સી.ડી. ટ્રાન્સપોર્ટનું પેમેન્ટ અટકાવાયું

સંતોષકારક કામગીરી નહીં કરવા 13 પાનાની નોટિસ અપાઈ, ડ્રોન સરવે કરી કચરાનો હિસાબ મેળવાશે

સુરતઃ સુરત શહેરના કચરાના વૈજ્ઞાનિક ઢબે નિકાલની જવાબદારી સંભાળનાર વાપીની કોન્ટ્રાક્ટર એજન્સી સી.ડી. ટ્રાન્સપોર્ટને આખરે સુરત મનપાએ વિદાય આપી છે. ખજોદ ડિસ્પોઝલ સાઈટ પર 10 લાખ ટનથી વધુ કચરાનો ડુંગર ખડકાઈ જવા અને વારંવાર આગની ઘટનાઓ સહિત કામગીરીમાં બેદરકારીના વિવાદો વચ્ચે કોન્ટ્રાક્ટની મુદત પૂર્ણ થવાના એક દિવસ પહેલાં જ 3 નવેમ્બરે 13 પાનાંની આખરી નોટિસ ફટકારી એજન્સીને કામમાંથી દૂર કરી દેવાઈ છે. એટલું જ નહીં, અસંતોષકારક કામગીરી બદલ છેલ્લા ત્રણ મહિનાનું પેમેન્ટ પણ અટકાવી દેવામાં આવ્યું છે.

નોંધનીય છે કે, સુરતમાંથી દરરોજ નીકળતા અંદાજે 3000 મેટ્રિક ટન કચરાના વૈજ્ઞાનિક નિકાલ માટે વર્ષ-2023માં સી.ડી. ટ્રાન્સપોર્ટને ત્રણ વર્ષ માટે રૂ.213 કરોડનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. જાન્યુઆરી-2026માં ત્રણ વર્ષની મુદત પૂર્ણ થયા બાદ પણ એજન્સીને વધારાના નવ મહિના કામગીરી સોંપવામાં આવી હતી. જોકે, આ સમગ્ર સમયગાળો વિવાદોથી ઘેરાયેલો રહ્યો હતો. મહુવામાં કચરો સગેવગે કરવાના કૌભાંડથી લઈને ખજોદ સાઈટ પર વારંવાર આગ લાગવાની ઘટનાઓએ મનપાની સ્વચ્છતાની છબીને પણ નુકસાન પહોંચાડ્યું હતું. કોન્ટ્રાક્ટર પાસેથી અપેક્ષિત કામગીરી ન થતાં ખજોદમાં 10 લાખ ટનથી વધુ કચરો એકત્રિત થઈ ગયો છે. આ સ્થિતિમાં મનપાએ પૂર્વ તૈયારી સાથે નવા કોન્ટ્રાક્ટરને કામગીરી સોંપી દીધી છે, જેથી કચરાના નિકાલની પ્રક્રિયા અટકે નહીં. અત્યાર સુધી જૂના અને નવા સમયગાળાના કામ માટે મળીને એજન્સીને અંદાજે રૂ.133 કરોડ ચૂકવાયા હોવાનું જાણવા મળે છે. દરમિયાન છેલ્લા નવ મહિનામાં એજન્સીએ કેટલું કામ કર્યું અને સાઈટ પર કેટલો કચરો બાકી છે તેનો ચોક્કસ હિસાબ મેળવવા ડ્રોન સરવે પણ કરાવવામાં આવ્યો છે. નોટિસમાં મનપા સાથે આગળ કામગીરી ચાલુ રાખવામાં રસ ન હોવાની સ્પષ્ટતા, વિવિધ પ્રશ્નોના ખુલાસા અને કામગીરીમાં બેદરકારી બદલ પેનલ્ટી કેમ ન ફટકારવી તે અંગે જવાબ માંગવામાં આવ્યો છે.

21 વર્ષથી સેવા આપતા વોચમેનને વાજતા-ગાજતે વિદાય અપાઈ

પુણા ગામની વનમાળી પાર્ક સોસાયટીમાં અનોખો વિદાય સમારોહ, સુખા ભગતને પરિવારના સભ્યની જેમ સન્માન આપી રહીશોએ વ્યક્ત કરી લાગણી

સુરત : સામાન્ય રીતે કોઈ કર્મચારીની વિદાય સાદગીથી કરવામાં આવતી હોય છે, પરંતુ સુરતના પુણા ગામની વનમાળી પાર્ક સોસાયટીમાં એક વોચમેનની વિદાય યાદગાર બની હતી. સોસાયટીમાં છેલ્લા 21 વર્ષથી નિષ્ઠાપૂર્વક સેવા આપતા વોચમેન સુખા ભગતને સ્થાનિક રહીશોએ ઢોલ-નગારાના તાલે ભવ્ય અને ભાવુક સમારોહ યોજી વિદાય આપી હતી. છેલ્લા બે દાયકા કરતાં વધુ સમય દરમિયાન સુખા ભગતે સોસાયટીની સુરક્ષા અને વ્યવસ્થાની જવાબદારી નિષ્ઠાથી નિભાવી હતી. આ સમયગાળામાં તેઓ માત્ર વોચમેન બનીને રહ્યા નહોતા, પરંતુ સોસાયટીના દરેક પરિવારના સભ્ય સમાન બની ગયા હતા. તેમના પ્રત્યેના આદર અને લાગણી વ્યક્ત કરવા રહીશોએ ખાસ વિદાય સમારોહનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે ઢોલ-નગારાં સાથે તેમનું સ્વાગત કરી ફૂલહાર પહેરાવવામાં આવ્યો હતો. સાલ ઓઢાડીને સન્માનિત કરવા ઉપરાંત ભેટ-સોગાદો પણ અર્પણ કરવામાં આવી હતી. 21 વર્ષના સંબંધો અને નિષ્ઠાવાન સેવાને યાદ કરી રહીશો ભાવુક બન્યા હતા. એક વોચમેનને પરિવારના સભ્ય સમાન ગણી સોસાયટીએ આપેલી આ વિદાય શહેરમાં ચર્ચાનો વિષય બની હતી.

ગોપીગીત ફાર્મમાં માટી ધસી પડતાં બે કામદાર દટાયા, એકનું મોત

ડ્રેનેજ લાઈનનું કામ જીવલેણ બન્યું, સાથી કામદાર ઈજાગ્રસ્ત

જેસીબીથી ખોદકામ દરમિયાન અચાનક માટી ધસી પડતાં અકસ્માત સર્જાયો

સુરત : મોટા વરાછા આઉટર રિંગરોડ પર આવેલા વેદાંત સર્કલ પાસે ગોપીગીત ફાર્મમાં ડ્રેનેજ લાઈનના કામ દરમિયાન ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી.

અંડરગ્રાઉન્ડ ડ્રેનેજ લાઈનમાં પ્લમ્બિંગ કામ કરી રહેલા બે કામદારો પર અચાનક માટી ધસી પડતાં બંને દટાઈ ગયા હતા. જેમાં ૨૩ વર્ષીય યુવકનું દબાઈ જવાથી મોત નીપજ્યું હતું, જ્યારે તેનો સાથી કામદાર દાનિશ ઈજાગ્રસ્ત થતાં ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

મળતી માહિતી અનુસાર, મૂળ બિહારના દરભંગાનો વતની રેહાન અન્વારૂણ રાહિન (ઉં.વ. 23) હાલ નાનપુરા વિસ્તારમાં આવેલી ચંદન સોસાયટીમાં મિત્રો સાથે રહેતો હતો. તે પ્લમ્બિંગ કામ કરીને વતનમાં રહેતા પરિવારને આર્થિક મદદ કરતો હતો. મોટા વરાછા આઉટર રિંગરોડ પર આવેલા વેદાંત સર્કલ પાસે ગોપીગીત ફાર્મમાં ડ્રેનેજ લાઈનનું કામ ચાલતું હોવાથી રેહાન ત્યાં પ્લમ્બિંગનું કામ કરતો હતો. દરમિયાન આજે સાંજે રેહાન અને તેનો સાથી કામદાર દાનિશ અંડરગ્રાઉન્ડ ડ્રેનેજ લાઈનમાં કામ કરી રહ્યા હતા. તે સમયે નજીકમાં જેસીબીથી ખોદકામ ચાલી રહ્યું હતું. અચાનક માટી ધસી પડતાં બંને કામદારો માટીના ઢગલા નીચે દટાઈ ગયા હતા. ઘટનાને પગલે સ્થળ પર દોડધામ મચી ગઈ હતી. જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. જોકે ફાયર આવે તે પહેલા જ ત્યાં હાજર અન્ય કર્મચારીઓએ તાત્કાલિક બંનેને બહાર કાઢી કારમાં સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે રેહાનને મૃત જાહેર કર્યો હતો. જ્યારે દાનિશની સારવાર ચાલી રહી છે. આ બનાવ અંગે અમરોલી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ભાજપના બક્ષીપંચ મોરચાના પ્રમુખ, શહેર મંત્રી સહિત ચાર નવા નિમાયા

શહેર મંત્રી પદે વિનોદ ગજેરાની નિયુક્તિથી બિપીન પટેલનું રાજીનામું કે પડતા મુકાયા? મુદ્દે અસમંજસ

બક્ષીપંચ મોરચાના પ્રમુખ પદે પૂર્વ કોર્પો. રાજેશ જોળિયાને જવાબદારી

સુરતઃ સુરત મહાનગર ભાજપમાં પાલિકાની ચૂંટણી બાદ બુધવારે શહેર સંગઠન દ્વારા ચાર હોદ્દા પર નવી નિયુક્તિઓની યાદી જાહેર થતાં જ સૌથી વધુ ચર્ચા શહેર મંત્રી પદે વિનોદ ગજેરાની પસંદગીને લઈને શરૂ થઈ છે. કહે છે કે તેમની નિમણૂક બિપીન પટેલ (ગાયત્રી)ની ખાલી પડેલી જગ્યા પર કરાઈ હતી.

વિનોદ ગજેરા અગાઉ સુરત મહાનગરપાલિકાની શિક્ષણ સમિતિમાં સભ્ય તરીકે જવાબદારી નિભાવી ચૂક્યા છે. ઉપરાંત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં પણ તેઓ સિન્ડિકેટ સભ્ય રહી ચૂક્યા છે. જોકે, મોટો સવાલ એ છે કે બિપીન ગાયત્રીનું મંત્રીપદ આખરે કયા સંજોગોમાં ખાલી પડ્યું? કહે છે કે મનપાની ચૂંટણી વખતે બિપીન ગાયત્રીએ સોશિયલ મીડિયા પર મૂકેલી એક પોસ્ટ તેમને નડી ગઈ છે. જોકે, બિપીન ગાયત્રીએ સ્વેચ્છાએ રાજીનામું આપ્યું છે કે સંગઠને તેમને હોદ્દા પરથી દૂર કર્યા છે તે અંગે ભાજપના શહેર સંગઠને કોઈ સત્તાવાર સ્પષ્ટતા કરી નથી.

આ પહેલાં મેયર માયા માવાણીની મંત્રીપદની ખાલી પડેલી જગ્યા પર એક મહિના અગાઉ ડિમ્પલ સુરતીની નિમણૂક કરાઈ હતી. બીજી તરફ યુવા મોરચાના ઉપપ્રમુખ તરીકે યોગી વખારિયાની પસંદગી કરાઈ છે. યુવા મોરચાના મહામંત્રી હર્ષ મહેતા કોર્પોરેટર બનતાં ખાલી પડેલી જગ્યા પર હેરી પાવઠાવાળાને જવાબદારી સોંપાઈ છે. જ્યારે બક્ષીપંચ મોરચાના પ્રમુખ વિજય ભાટિયા કોર્પોરેટર બનતાં તેમની જગ્યાએ રાજેશ જોળિયાની નિયુક્તિ કરવામાં આવી છે. આમ, એક તરફ સંગઠન ખાલી હોદ્દાઓ ભરીને નવી ટીમને સક્રિય કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે, તો બીજી તરફ બિપીન ગાયત્રીના મંત્રી પદની વિદાય પાછળનાં કારણો અંગેનું મૌન ભાજપના આંતરિક રાજકારણમાં નવી ચર્ચાઓને હવા આપી રહ્યું છે. સંગઠનની આ નવી ગોઠવણમાં કોને પ્રમોશન મળ્યું અને કોની બાદબાકી થઈ તે હવે રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યું છે.

સંક્ષિપ્ત સમાચાર

ચોર્યાસી મેવાડા બ્રાહ્મણ જ્ઞાતિની દિવાળી રંગોળી સ્પર્ધા યોજાઈ



સુરતઃ શ્રી એકલિંગજી આશ્રમ (ચોર્યાસી મેવાડા બ્રાહ્મણ જ્ઞાતિની વાડી) ની દિવાળી રંગોળી સ્પર્ધા ગત તા. ૩૧-૧૦-૨૦૨૬ના રોજ ખૂબ જ ઉત્સાહ, ઉમંગ અને આનંદભેર સંપન્ન થઈ. આ સ્પર્ધામાં કુલ ૭ સ્પર્ધકોએ ભાગ લઈને પોતાની અદ્ભુત કલાત્મક પ્રતિભા અને સર્જનાત્મકતાનું સુંદર પ્રદર્શન કર્યું હતુ. દરેક સ્પર્ધકે ધાર્મિક ભાવના, સંસ્કૃતિ અને લાગણીઓથી ઓતપ્રોત એવી મનમોહક રંગોળીઓ બનાવીને સૌના હૃદય જીતી લીધા હતા. સ્પર્ધામાં વિજેતા સ્મૃતિ ઉપાધ્યાય, વૈશાલી વૈદ્ય, જીજ્ઞા જોષી, ઉર્વી જોષી, રીના જોષી, માધવી ઉપાધ્યાય, અને જેનિકા નાયકને શારદા ટ્રેડર્સ અને ટ્રસ્ટી મંડળ તરફથી ઈનામોથી નવાજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ ટ્રસ્ટીઓ અને આમંત્રિત સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

ભારત ભારતી દ્વારા અમદાવાદમાં સરદાર જયંતીની ઉજવણી કરાઈ



અમદાવાદઃ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી તથા રાષ્ટ્રીય એકતા દિવસના પાવન અવસરે ભારત ભારતી, ગુજરાત પ્રદેશ દ્વારા અમદાવાદના વસ્ત્રાપુર સ્થિત કાંજી ભવન, GMDC ગ્રાઉન્ડ ખાતે ભવ્ય શપથ ગ્રહણ અને પ્રતિજ્ઞા સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ભારત ભારતી ગુજરાત પ્રદેશના અધ્યક્ષ ડો. રવિન્દ્ર સુકલાલ પાટીલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં ગુજરાતનાં ૧૫થી વધુ શહેરોમાંથી ઉપસ્થિત થયેલા ૧૭૫થી વધુ પદાધિકારીઓએ દેશની એકતા, અખંડિતતા, સામાજિક સમરસતા અને રાષ્ટ્રીય એકાત્મતાને મજબૂત બનાવવા તથા રાષ્ટ્રસેવા માટે સામૂહિક શપથ લીધા હતા. સંચાલન પ્રદેશ સંયોજક શ્રી અમરેન્દ્ર કુમાર મિશ્રાએ કર્યું હતું.

એડવોકેટ પ્રીતિ જોષી દ્વારા પ્રી દિવાલીની ઉજવણી



સુરતઃ એડવોકેટ પ્રીતિ જોષી દ્વારા વર્ષોથી મહિલા વકીલો માટે પ્રી દિવાલી સેલિબ્રેશનની ઉજવણી કરાઈ છે. સુરતના મહિલા વકીલો સાથે વર્ષોથી પરંપરાગત પ્રી દિવાળી સેલિબ્રેશનની ઉજવણી આજે કરવામાં આવી હતી. મહિલા વકીલો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી એકબીજાને દિવાળીની શુભકામનાઓ પાઠવી હતી અને સુરત જિલ્લા વકીલ મંડળમાં આવનારી ચૂંટણી અંગે પણ ચર્ચાઓ કરી ઈચ્છુક ઉમેદવારોએ પોતાના પરિચય પણ આપ્યો હતો.

ઇચ્છાઓને ક્યારેય પૂર્ણવિરામ હોતું નથી: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



ભીવંડીઃ શ્રી ગોકુળનગર નજરાના જૈન સંઘ ભીવંડીના જૈન ભવનમાં પ્રવચન પ્રભાવક જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે સત્સંગ સરિતા વહાવતા જણાવ્યું હતું કે, અપેક્ષાની અટવીમાં જ્યારે માણસ અટવાય છે ત્યારે જીવનમાં આપત્તિઓની આગ ભભૂકી ઊઠે છે. ઇચ્છાઓને ક્યારેય પૂર્ણવિરામ હોતું નથી. એક ઇચ્છા જ્યાં પુરી થાય છે ત્યારે બીજી ઇચ્છા આવીને ઊભી રહી જાય છે. ઇચ્છાઓ આકાશની જેમ અનંત છે. આકાશનો કોઇ છેડો નથી હોતો તેમ ઇચ્છાઓ પણ અનંતી હોય છે. ઇચ્છાના ચકડોળમાં જે ફસાયા છે તે ક્યારેય બહાર આવી શકતા નથી. તલાટી, સરપંચ, તાલુકા પંચાયત પ્રમુખ, જિલ્લા પ્રમુખ, કોર્પોરેટર, ધારાસભ્ય, સંસદ સભ્ય, સી.એમ અને પી.એમ સુધીની પોસ્ટ ઉપર પહોંચ્યા પછી પણ સંતોષ થતો નથી.

સુરતમાં પ્રથમવાર મેગા અંતાક્ષરી ‘ભક્તિ ગંગા’નું ભવ્ય આયોજન



સુરત : સુરતમાં પ્રથમવાર શ્રી રામવિહાર વેસુ તપાગચ્છ જૈન સંઘ દ્વારા મેગા અંતાક્ષરી ‘ભક્તિ ગંગા’નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તિ ગીતોની અંતાક્ષરી સ્પર્ધામાં સુરતની વિવિધ જૈન પાઠશાળાનાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની પ્રતિભા રજૂ કરી હતી. સ્પર્ધામાં પાંચ લાખ રૂપિયાથી વધુનાં આકર્ષક ઇનામો રાખવામાં આવ્યાં હતાં. ઉપરાંત તમામ ટીમોને પ્રોત્સાહન ઇનામ આપી બાળકોનો ઉત્સાહ વધારવામાં આવ્યો હતો. આ. મહાપદ્મસૂરિ મ.સા. અને આ.મહાધર્મસૂરિ મ.સા.ની નિશ્રામાં યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ બાળકોમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન કરી નવી પેઢીને જિનશાસન સાથે જોડવાનો હતો.

દાનવીર ડો. મહેશ દેસાઈનું રક્તદાન કેન્દ્રના મહોત્સવમાં સન્માન કરાયું



સુરતઃ સુરતના ડો. મહેશ દેસાઈ દ્વારા થેલેસેમિયા પીડિત દર્દીઓ માટે અપાયેલા માતબર દાનને પગલે સુરત રક્તદાન અને રિસર્ચ સેન્ટરના સુવર્ણ જયંતિ મહોત્સવમાં તેમનું જ્ઞાનવત્સલ સ્વામી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ ગોવિંદ ધોળકીયા હાજર રહ્યા હતા.

વેઈટ લિફ્ટિંગ સ્પર્ધામાં જીનલ કાપડિયાએ ત્રીજું સ્થાન મેળવ્યું



સુરતઃ ગુજરાત સ્ટેટ ઇમ્પાવરમેન્ટ વેઈટ લિફ્ટિંગ ચેમ્પિયનશિપ-2026નું આયોજન સરિતા સાગર સંકુલ ટ્રસ્ટ ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાની સિનિયર મહિલા વર્ગની 92 કિલોની કેટેગરીમાં કહાર માછી સમાજનાં જીનલ મયંક કાપડિયાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જીનલ કાપડિયાની આ સિદ્ધિથી માછી સમાજમાં ખુશીની લાગણી છવાઈ ગઈ છે. તેમની સફળતા બદલ માછી સમાજના અગ્રણીઓ, પાવર હાઉસ જીમના સંચાલકો તથા સમાજના સભ્યોએ તેમને અભિનંદન પાઠવી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.